અપીલ અરજી નં.૫ તા.૬–૪–૦૯/૧૦
અરજદારઃ શ્રી ખીમજીભાઈ સોંડાભાઈ સિંગલ
સામાવાળાઃ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ખીમજીભાઈ સોંડાભાઈ સિંગલ તા.૧૮–૨–૦૯ ની અરજીથી તા.૨૫–૫–૦૪ થી ૧૧–૬–૦૪ દરમ્યાન હેલ્થ સેન્ટર/મેટરનીટી હોમ/ હોસ્પિટલના સફાઈ કામદારોના ઈન્ટરવ્યુમાં અધિકારીઓના નામ અને સરનામાં તથા ઉમેદવારોના નામ, સરનામાં તથા ઉમેદવારોએ નોકરી મેળવેલ દસ્તાવેજો વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૪–'૦૯ ની અપીલ અરજી નં.૫/૨૦૦૯–૧૦

શ્રી ખીમજીભાઈ સોંડાભાઈ સિંગલ તા.૧૮–૨–૦૯ ની અરજીથી તા.૨૫–૫–૦૪ થી ૧૧–૬–૦૪ દરમ્યાન હેલ્થ સેન્ટર/મેટરનીટી હોમ/ હોસ્પિટલના સફાઈ કામદારોના ઈન્ટરવ્યુમાં અધિકારીઓના નામ અને સરનામાં તથા ઉમેદવારોના નામ, સરનામાં તથા ઉમેદવારોએ નોકરી મેળવેલ દસ્તાવેજો વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૨ અંગે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯ તા.૧૭–૪–૦૯ થી આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)ને તથા ત્રણ મુદ્દા પૈકી ખાસ કરીને મુદ્દા નં.૨ ની કઈ માહિતી મળેલ છે અને કઈ મળેલ નથી તે વિગતો અપીલના આધાર સહ રજૂ કરવા અરજદારને પણ પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/આ.નં.૩ તા.૨૩–૪–૦૯ થી અત્રેના વિભાગને વિગતો મળેલ છે. જયારે અરજદાર તરફથી મુદ્દા નં.૨ બાબતે કોઈ વિગત મળેલ નથી.

અરજદારની તા. ૧૮–૨–૦૯ ની અરજીથી તા.૨૫–૫–૦૪ થી ૧૧–૬–૦૪ દરમ્યાન હેલ્થ સેન્ટર/મેટરનીટી હોમ/ હોસ્પિટલના સફાઈ કામદારોના ઈન્ટરવ્યુમાં અધિકારીઓના નામ અને સરનામાં તથા ઉમેદવારોના નામ, સરનામાં તથા ઉમેદવારોએ નોકરી મેળવેલ દસ્તાવેજો વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૬૧ તા.૧૩–૩–૦૯ થી માહિતી આપેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૧ માં તા.૨૫–૫–૦૪ થી ૧૧–૬–૦૪ દરમ્યાન સુરત મહાનગરપાલિકા હસ્તકના અર્બન હેલ્થ સેન્ટર/મેટરનીટી હોમ /હોસ્પિટલના સફાઈ કામદારના યોજવામાં આવેલ ઈન્ટરવયુમાં હાજર રહેલ અધિકારીઓના નામ અને હોદ્દાની માહિતી આપવામાં આવેલ. મુદ્દા નં.૨ બાબતે તા.૨૫–૫–૦૪ થી તા.૧૧–૬–૦૪ દરમ્યાન સુ.મ.પા. હસ્તકના અર્બન હેલ્થ સેન્ટર/મેટરનીટી હોમ /હોસ્પિટલના સફાઈ કામદારના યોજવામાં આવેલ ઈન્ટરવયુમાં પસંદગી પામેલ એટલે કે નોકરીમાં રાખવામાં આવેલ સ્ત્રી/પુરુષ ઉમેદવારોએ જે ડોકયુમેન્ટ પર નોકરી મેળવેલ છે તે ડોકયુમેન્ટ અંગે જાહેર માહિતી અધિકારીની કચેરી પાસેથી તારીખ અને સમય મેળવી પ્રથમ દફતરી ચકાસણી કરી લઈ તેમાંથી જે દસ્તાવેજ નકલની અરજદારને જરૂરીયાત હશે તે નકલ ત્યાર બાદ તુરંત પૂરી પાડવામાં આવશે એમ જણાવેલ. મુદ્દા નં.૩ માં ૭૦ થી ૯૦ નંબર સુધીના ઉમેદવારોને કયા કારણસર સીલેકશન કરેલ નથી તે બાબતે સદરહુ ઈન્ટરવ્યુમાં પસંદગી નહીં પામેલ ઉમેદવારની યાદીના ક્રમ નં.૭૦,૭૩,૭૪,૭૬,૭૭,૭૯,૮૪,૮૭,૮૮ અને ૯૦ ના ઉમેદવારો પ્રેકટીકલ ઈન્ટરવ્યુમાં જ હાજર રહેલ નથી તે સિવાયના ક્રમ નં.૭૧,૭૨,૭૫,૭૮,૮૦ થી ૮૩,૮૫,૮૬ અને ૮૯ ના ઉમેદવારોની તેઓ ધ્વારા કરવામાં આવેલ પ્રેકટીકલ ટેસ્ટની કામગીરી, યોગ્યતા અને મૌખિક ઈન્ટરવ્યુમાં કરેલ દેખાવ વિગેરે બાબતોને ધ્યાને લીધા બાદ નિયુકત સ્ટાફ સીલેકશન કમિટિ ધ્વારા પસંદગી કરવામાં આવેલ નથી એવું જણાવવામાં આવેલ. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૨ ની માહિતી મળેલ નથી એમ જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ ઉમેદવારોએ જે ડોકયુમેન્ટ પર નોકરી મેળવેલ છે તે ડોકયુમેન્ટની કચેરી પાસેથી તારી અને સમય મેળવી પ્રથમ દફતરી ચકાસણી કરી લઈ તેમાંથી જે દસ્તાવેજની નકલ જરૂરીયાત હશે તે નકલ તુરંત પૂરી પાડવા તૈયારી દર્શાવી અરજદારને સૂચિત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદા નં.૨ ની માહિતીમાં અરજદારને દફતરી ચકાસણી કરી લઈ તેમાંથી જે દસ્તાવેજની નકલ જરૂરીયાત હશે તે પૂરી પાડવા જણાવેલ છે. જે ધ્યાને લેતાં અરજદારને તે મુજબ દિન–૭ માં અનુસરવા અને ઈચ્છુક હોય તે નકલો મેળવી લેવા જણાવવામાં આવે છે. અરજદારને માંગ્યાનુસાર માહિતી આપવા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરો પ્રયત્ન કરવામાં આવેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (આરોગ્ય) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ખીમજીભાઈ સોંડાભાઈ સિંગલ, એ/૧૭, ભાગ્યલક્ષ્મી સોસા., રાહત કોલોનીની પાછળ, રામનગર, રાંદેરરોડ, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.